Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તથા સ્વર્નિર અભ્યાસક્રમો / પ્રોગ્રામના કો–ઓર્ડિનેટરશ્રીઓને તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૬/૦૮/૨૦૧૭ થી રાજયની યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજના શિક્ષકો તથા બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક માટે યુજીસી રેગ્યુલેશન – ૨૦૧૦ માં થયેલ ત્રીજા સુધારા તા.૦૪/૦૫/૨૦૧૬ અને ચોથા સુધારા તા.૧૧/૦૭/૨૦૧૬ માં સમાવિષ્ટ શૈક્ષણિક લાયકાત, અનુભવ અને ભરતી પ્રક્રિયાની જોગવાઈઓ સ્વીકારવામાં આવેલ હોય સદર સુધારાઓને આધારે યુનિવર્સિટી સંબંધિત સ્ટેચ્યુટ, ઓર્ડીનન્સ, અને રુલ્સ – રેગ્યુલેશનમાં આનુષાંગિક સુધારાઓ કરવા સમિતિની રચના કરવામાં આવેલ હતી, પરંતુ ત્યારબાદ યુજીસી રેગ્યુલેશન – ૨૦૧૮ અમલમાં આવેલ હોય તદઅનુસાર યુનિવર્સિટી સંબંધિત સ્ટેચ્યુટ, ઓર્ડીનન્સ, અને રુલ્સ – રેગ્યુલેશનમાં આનુષાંગિક સુધારાઓ કરવા અંગે સમિતિની રચના કરવામાં આવેલ હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંબંધિત સ્ટેચ્યુટ, ઓર્ડીનન્સ, અને રુલ્સ – રેગ્યુલેશનમાં આનુષાંગિક સુધારાઓ કરવા અંગે નિયુકત સમિતિ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અન્વયે સિન્ડિકેટ દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૭ થી Ordinance – 185 ને મંજુર કરવામાં આવેલ હતો અને સેનેટ તા.૨૩/૦૩/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૯ થી તેનો સ્વીકાર કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત ભારત સરકારના ૧૮ સપ્ટેમ્બર,૨૦૧૦ ના ગેજેટ અંતર્ગત શૈક્ષણિક કર્મચારીઓના અજમાયશી સમયગાળા સંદર્ભે Ordinance - 69 (A) (4) માં સિન્ડિકેટ દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૭ થી સૂચવેલ સુધારો કરી સેનેટ સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હતો, જે અન્વયે સેનેટની તા.૨૩/૦૩/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ થી તેનો સ્વીકાર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત Ordinance – 185 તથા સુધારેલ Ordinance 69 (A) (4) યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ના Download મેનુંમાં ઉપલબ્ધ છે. જે વિદિત થાય.

ક્રમાંક : જન/એસ્ટા/ટી/૬૦૬૧/૨૦૨૧
તા.૦૬/૦૫/૨૦૨૧

ઈ. ચા. કુલસચિવ

નકલ સવિનય રવાના પ્રતિ,

(૧) યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગીય વડાશ્રીઓ તરફ.....
(૨) યુનિવર્સિટીના તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ.....
(૩) યુનિવર્સિટી ખાતે ચાલતા તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ...
(૪) યુનિવર્સિટીના તમામ વહીવટી વિભાગીય વડાશ્રીઓ તરફ...
(૫) સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર પુલ, પરીક્ષા વિભાગ,

..... જાણ તથા અમલ થવા સારૂ....